બિનસરકારી અનુદાનિત કોલેજોમાં
નિવૃત્તિ, રાજીનામા કે અવસાનને
કારણે ખાલી પડેલ શૈક્ષણિક જગાઓ
ભરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૨/૧૯૩૯/ખ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭.૦૭.૨૦૧૭

વંચાણે લીધા:

(૧) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની જગાઓ ભરવા માટે મળેલ સ્ક્રુટીની કમિટીની બેઠકની તા.૧૯.૦૬.૨૦૧૨ ની કાર્યવાહી નોંધ.

(૨) રાજ્યની અનુદાનિત કોલેજોના વિવિધ મંડળોના પડતર પ્રશ્નો અંગે માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અધ્યક્ષ સ્થાને મળેલ બેઠકની તા.૨૯.૦૪.૨૦૧૭ ની કાર્યવાહી નોંધ

પરિપત્ર:

રાજ્યની અનુદાનિત કોલેજોના વિવિધ મંડળોના સાથે પડતર પ્રશ્નો અંગે તા.૨૯.૦૪.૨૦૧૭ ના રોજ માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન થયેલ હતુ. આ બેઠકમાં અનુદાનિત કોલેજોમાં નિવૃત્તિ, અવસાને કે રાજીનામાથી ખાલી પડેલ શૈક્ષણિક જગા ભરવા માટે એન.ઓ.સી. આપવાની કાર્યવાહી શિક્ષણ વિભાગની મંજૂરી બાદ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીએ હાથ ધરવાની રહેશે તે મુજબ નક્કી થયું હતુ.

અગાઉ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કિસ્સામાં છઠ્ઠા પગાર પંચની મંજૂરીના હુકમ થયા તારીખ પછી નિવૃત્તિ, રાજીનામા કે અવસાનને કારણે ખાલી પડેલ જગાઓ ભરવા માટે નાણા વિભાગની મંજૂરીની આવશ્યકતા નથી અને વિભાગ કક્ષાએ મંજૂરી મેળવવાની રહે છે તેવું વંચાણે લીધેલ ક્રમાંક-(૧) ની બેઠકમાં નક્કી થયું હતુ. નિયામકશ્રીની કચેરી દ્વારા બિનસરકારી અનુદાનિત કોલેજોમાં નિવૃત્તિ, રાજીનામા કે અવસાનને કારણે ખાલી પડેલ શૈક્ષણિક જગાઓ ભરવા માટે સત્તા સુપ્રત કરવા રજૂઆત કરવામાં આવેલ છે. જેને ધ્યાને લેતાં નીચે મુજબની શરતોને આધિન નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીને બિનસરકારી અનુદાનિત કોલેજોમાં નિવૃત્તિ, રાજીનામા કે અવસાનને કારણે ખાલી પડેલ શૈક્ષણિક જગાઓ ભરવાની સત્તા આથી સુપ્રત કરવામાં આવે છે.

શરતો:-

(૧) જે તે કોલેજની વિષયવાર મંજુર સખ્યાની કુલ સંખ્યા કરતાં જગાની મંજુરી વધતી ન હોવી જોઇએ.

(૨) વિષયવાર વર્કલોડથી વધારાનો વર્કલોડ ન હોવો જોઇએ



Scanned by CamScanner

(૩) નિવૃત્તિ, અવસાન કે રાજીનામાથી ખાલી પડેલ જગા માટેની મંજૂરી હોવી જોઇશે અને તે માટેની પૂરતી ખાતરી નિયામકશ્રી કક્ષાએ થયા બાદ મંજૂરી આપવાની રહેશે.

(૪) કોઇપણ સંજોગોમાં નવી જગા ન હોવી જોઇએ.

ઉપરોક્ત શરતોનું દરેક કિસ્સામાં યોગ્ય રીતે પરિપાલન થાય તે અંગે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીએ પૂરતી તકેદારી રાખવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપક પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉ.અનેટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.
  (ઉ.શિ.નિયામકશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.નિયામકશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner